# શ્રી શત્રુંજય – મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

सा विद्या या विमुक्तये

શ્રી શત્રુંજય-મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

**પ્રથમ વર્ષ અભ્યાસક્રમ–૨** — જુલાઈ ૨૦૨૧

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ–પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં. (૮) ઉત્તર પત્ર માં આભ્યાસક્રમ નું નંબર લખવુ જરૂરી છે.

**પ્રશ્ન –૧ ખાલી જગ્યા પુરો.** ૨૦

૧. જૈન ધ્વજનું બહુમાન એ ...................... નું બહુમાન છે.
૨. શ્રી. ઋષભદેવના શાસનની રક્ષા માટે ગૌમુખ યક્ષ અને ...................... યક્ષિણીની સ્થાપના થઇ.
૩. જીવ જયાં ઉત્પન થાય છે ત્યાં પ્રથમ .................... ગ્રહણ કરવાનું કામ કરે છે.
૪. જયણાની અને .................... ની વિચારણા હૃદયને વદુ ને વધુ કોમળ બનાવે છે.
૫. અર્થ અને કામ પુરૂષાર્થ ઉપર ધર્મની ....................... રાખવાની છે.
૬. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ મળી ને ....................... છે.
૭. જૈન દર્શના માં .................... ને પંચપરમેષ્ઠિ નો સાર માનવા માં આવે છે.
૮. આજે જીવન માંથી ....................... નો ગુણ અલોપ થતો જણાય છે.
૯. અગ્નિ .................... છે એના સંપર્કમાં જે આવે એને બાળીને રાખ કરે છે.
૧૦. જીવનમાં આગળ વધવું હશે તો આપણા જીવનબાગમાંથી ............... વીણી વીણી ને દૂર કરવા પડશે.
૧૧. ............... એટલે કદાગ્રહ, હઠાગ્રહ, દુરાગ્રહ.
૧૨. જીવથી ...................... ની યાત્રાનો સુંદર માર્ગ નવતત્વમાં કંડારવામાં આવ્યો છે.
૧૩. જેમની સમીપે નિવાસ કરવાથી શ્રુતજ્ઞાનનો લાભ થાય તે ..................... કહેવાય.
૧૪. ઉચિત વિવાહ સુખી અને શાંતિ ભરેલા જીવન માટે ...................... સમાન છે.
૧૫. વિશેષતાથી આત્માને ક્રિયામાં પ્રેરે તે ....................... છે.
૧૬. અંગોના અવળા .................... કરવા માટે વસ્ત્ર નથી. વસ્ત્રો તો અંગને ઢાંકવા માટે છે.
૧૭. કેટલીક સાધારણ વનસ્પતિકાયના સેવનથી પ્રકૃતિ ................. બને છે.
૧૮. લોભને જીતવા જીવનમાં ....................... ને કેળવવો જરૂરી છે.
૧૯. માતૃદેવો ભવ અને પિતૃદેવો ભવ એ .................. ની અનોખી દેન છે.
૨૦. જિનેશ્વર પરમાત્માના ........................ માં વ્યક્તિની પૂજા ન થઈ એ તો ગુણોના પૂજક છે.

**પ્રશ્ન –૨ એકજ શબ્દમાં જવાબ આપો.** ૧૫

૧. આપણી જીભને અપવિત્ર કોણ બનાવે છે ?
૨. નિર્વદ્ય–પાપ રહિત વચન બોલવું તે કઈ સમિતિ છે ?
૩. શ્રાવકની કુળદેવી કોણ છે ?
૪. પ્રભુ શ્રી ઋષભદેવના પ્રથમ ગણધર કોણ હતા ?
૫. છોડવા જેવું શું છે ?
૬. ઇચ્છા નિરોધ કયો તપ છે ?
૭. જીવનનો શણગાર કોણ ?
૮. શંખ, ઇયળ, કૃમિ વગેરે કયા જીવો કહેવાય ?
૯. અર્ણિકાચાર્યને ગંગા નદી પાર કરતાં કઈ દેવીએ ઊપસર્ગ કર્યો ?
૧૦. સર્વ રોગોનું મૂળ કોણ છે ?
૧૧. વૈભવ કેવો હોવો જોઈએ ?
૧૨. સાદ્ગુ મુનિરાજના સત્યાવીશ ગુણમાં પાંચમોં ગુણ કયો ?
૧૩. પાણી ના એક ટીપામાં કેટલા જીવો છે ?
૧૪. નમિ અને વિનમિની ભક્તિ જોઈ કોણ પ્રસન્ન થયું ?
૧૫. સોમયશાના પિતાશ્રીનું નામ જણાવો ?

**પ્રશ્ન –3 નીચે આપેલા શબ્દોના અર્થ લખો.** ૧૦

૧) જાવણિજ્જાએ ૨) મદ 3) કણગ ૪) દુહા ૫) તવો ૬) પાણ ૭) અપજ્જત્તા ૮) સગ
૯) ગલોય ૧૦) ઉવઓગો ૧૧) પત્તેઆ ૧૨) તિજ્જુ ૧૩) મંડલિ ૧૪) નાણં ૧૫) ચરણ સિત્તરી
૧૬) ખમાસમણો ૧૭) કિસલય ૧૮) વિગલા ૧૯) જિયઠ્ઠાણા ૨૦) અંકુર

**પ્રશ્ન – ૪ જોડકા જોડો ( ફક્ત બી નો નંબર લખો.)** ૧૦

| એ | બી |
|---|---|
| ૧) રસના | ૧) દેવતુલ્ય |
| ૨) સૌધર્મેન્દ્ર | ૨) સન્યાસી |
| ૩) સોનું – રૂપુ | ૩) કલેવર |
| ૪) ગચ્છના નાયક | ૪) જીભ |
| ૫) ચંદ પન્નતિ | ૫) ચારિત્ર |
| ૬) અતિથિ | ૬) આચાર્ય ભગવંત |
| ૭) કામ, ક્રોધ, માન | ૭) સાત ક્ષેત્ર |
| ૮) અવિરતિ | ૮) આંતરશત્રુ |
| ૯) દશ સોનામહોર | ૯) જમણી દાઢા |
| ૧૦) સંપત્તિ | ૧૦) ઉપાંગ |

**પ્રશ્ન–૫ નીચેના પ્રશ્નોના જવાબ સંખ્યામાં લખો.** ૧૦

૧) પર્યાપ્તિ કેટલી છે ?
૨) મદ કેટલા પ્રકારના છે ?
૩) આચાર્ય ભગવંત કેટલા ગુણોથી યુક્ત છે ?
૪) વ્યસન કેટલા ?
૫) ધરણેન્દ્રે નમિ વિનમિને કેટલી વિદ્યાઓ આપી ?
૬) કષાયના પ્રકાર કેટલા છે ?
૭) ઉપાંગ કેટલા છે ?
૮) રાજા એ કિલ્લામાં કેટલી સોના મહોર નાંખી ?
૯) સંસ્કૃતમાં ઓમ કેટલા અક્ષરનો બનેલો છે ?
૧૦) ભરત રાજાના પુત્ર ઋષભસેને કેટલા બંધુઓ સાથે દીક્ષા લીધી ?

**પ્રશ્ન–૬ નીચેના વાકયો સાચા (✓) છે કે ખોટા (×) તે જણાવો.** ૧૦

૧) મનને દૃષ્ટ વિચારોમા પ્રવર્તવા ન દેવુ તે કાય ગુપ્તિ છે .
૨) ચમરેન્દ્રે ઉપરની જમણી દાઢા લીધી.
૩) દર્શન એ પણ જીવનું લક્ષણ છે.
૪) પંખાથી હવા કરતા તેઉકાયના જીવોની વિરાધના થાય છે.
૫) આપણે આપણા જીવનમાં ઉચિત વેશનો ત્યાગ કરી ઉદ્‌ભટ વેશનો સ્વીકાર કરીએ.
૬) ઉપદ્રવવાલા સ્થાન માં રહેવાથી સારી વ્યક્તિઓનો સંગ દુર્લભ બને છે.
૭) સમ્યગદષ્ટિનું જ્ઞાન તે અજ્ઞાન છે.
૮) દાન તેજ કરી શકે જેના જીવનમાં ભોગ મર્યાદિત હોય.
૯) ઇન્દ્રિયોનો ગુલામ સદા સુખી હોય છે.
૧૦) જીવ જેનાથી જીવે તે પ્રાણ કહેવાય છે.

**પ્રશ્ન–૭ નીચેના કયા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧) ભોજન માટે પણ નિયમિત એકજ સમય હોવો જોઇએ.
૨) આપણે અનાદિકાળથી સાચી દૃષ્ટિ વિનાજ આ સંસારમાં રખડી રહયા છીએ .
૩) જીવ હોય ત્યાં ચારિત્ર હોય અને ચારિત્ર હોય ત્યાં જીવ હોય જ.
૪) માનવ માત્રને જીવન જીવવા માટે સંપત્તિ અનિવાર્ય છે.
૫) શરીરની શોભા ટાપ ટીપ કરે નહિ.
૬) શાસ્ત્રો કહે છે સૂઈના અગ્રભાગ જેટલા સાધારણ વનસ્પતિકાય માં અનંત જીવો છે.
૭) લોકો ખુબ ભકિતવાળા હતા છતાં અજ્ઞાન પણ હતા.
૮) આ જૈન ધ્વજ પાંચ રંગનો છે.
૯) જેવો સંગ તેવો રંગ.
૧૦) પૂર્વ દ્વારથી પ્રભુ સમવસરણમાં પ્રવેશ્યા.

**પ્રશ્ન–૮ તમારી ભાષામાં સમજાવો.** ૧૦

૧) ઉચિત વિવાહ  ૨) શરીર તથા મન પર્યાપ્તિ  ૩) ઓમ  ૪) ધર્મચક્ર તીર્થ
૫) સાધારણ વનસ્પતિકાય અભક્ષ્ય શા માટે ? સમજાવો.

જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી
**શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર,**
**સ્ટેસન રોડ, ચાળીસગામ – ૪૨૪૧૦૧.**
જી. જળગામ. મો. ૯૦૨૮૨૪૨૪૮૪